પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 022-22610835 / ફેક્સ : 91 22 22660358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

03 ઓક્ટોબર, 2018

# ભારતીય રિઝર્વ બેન્કે ફેડરલ બેન્ક લિમિટેડ ઉપર નાણાંકીય દંડ લાદયો

બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (ધ એક્ટ) ની કલમ 19(2) નો ભંગ કરવાને કારણે અને (a) સેન્ટ્રલ રિપોઝીટરી ઓફ ઈન્ફર્મેશન ઓન લાર્જ ક્રેડિટ ને માહિતી નો ડેટા મકલવાની (CRILC), (b) રિસ્ક બેઝ્ડ સુપરવિઝન (RBS) ના મૂલ્યાંકન ની માહિતી નું પ્રેષણ, (c) ATM ને લગતી ગ્રાહકોની ફરિયાદોના નિવારણમાં વિલંબ અને (d) તમારા ગ્રાહક ને જાણો / એન્ટિ મની લોન્ડરિંગ (KYC/AML) ના ધોરણો ને લગતા દિશાનિર્દેશો નું અનુપાલન નહી કરવાથી, ભારતીય રિઝર્વ બેન્કે તેના 25 સપ્ટેમ્બર, 2018 ના આદેશ દ્વારા ફેડરલ બેન્ક લિમિટેડ પર ₹ 50 મિલિયન નો નાણાકીય દંડ લાદયો છે. બેન્ક ઉપરોક્ત કાયદાની જોગવાઈઓ અને આરબીઆઇ દ્વારા જારી કરાયેલ દિશાનિર્દેશો નું પાલન કરવામાં નિષ્ફળ જતાં, આરબીઆઇ એ આ દંડ બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 47(A)(1)(c) ને કલમ 46(4)(i) સાથે વાંચતાં, ની જોગવાઇઓ પ્રમાણે તેને મળેલ સત્તા હેઠળ કરેલ છે.

આ કાર્યવાહી બેન્કની નિયમનકારી અનુપાલનની ખામીઓ પર આધારિત છે અને તેને બેન્ક દ્વારા તેના ગ્રાહકો સાથેના કોઈ પણ વ્યવહાર અથવા કરાયેલ કરાર ની કાયદેસરતા પર અભિપ્રાય આપવાનો ઇરાદો નથી.

**અજીત પ્રસાદ**
સહાયક સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2018-2019/778**